કલાસિફાઈડ

૭. ખુશખબર

ભુલેશ્વરમાં દુપટ્ટાંનો ખજાનો

ફેન્સી વેરાયટીનાં લેટેસ્ટ દુપટ્ટાં. રમેશ મેચીંગ સેન્ટર, જયહિંદ એસ્ટેટ, ભુલેશ્વર - ૯૩૨૪૨૪૯૯૫૨. (૧૩૪૯-એ)

૧૦. મહિલાઓ માટે

ચર્નીરોડમાં નટરાજ

પ્રખ્યાત ઘરઘંટીનો શોરૂમ. યાશી માર્કેટિંગ ૨૫૧ - ઠાકુરદ્વાર - ૨૨૦૫૬૯૪૮/ ૯૯૬૭૫૦૨૭૮૮. (બી-૭૮૪૮)

૧૧. પ્રદર્શન

INTERNATIONAL TRADE Fair in Mauritius for Business in Africa Market. 23 - 25 August. Stall Rs. 65,000/- onwards. 9323184310. (1585-A)

૧૪. નોકરી ખાલી છે

ચેમ્બુર

અમર મહલ, ગ્રેજ્યુએટ લેડી, ઓફિસ આસીસ્ટન્ટ કોમ્પ્યુટર જાણકાર જોઈએ ૮૮૫૦૦૫૬૩૦૪. (૧૪૧૦/બી)

સેલ્સમેન

સાડી માટે દસ હજાર સુધી તથા હેલ્પર આઠ હજાર સુધી જોઈએ. નિતિન સ્ટોર્સ કાંદિવલી. (૧૬૪૪-એ)

MODELING

Male / Female Kids required for Serials Film Advertise 98217 86684, 99207 06155. (1609-A)

૧૭. જગ્યા આપવી છે

ઘાટકોપર (ઈસ્ટ-વેસ્ટ)

નાના-મોટા ફ્લેટો, દુકાન, ઓફીસ વેચાણથી/ ભાડેથી લેવા ''સત્યમ'' ૯૮૨૧૧૨૫૭૩૭, ૯૦૨૨૨૨૫૧૫૦. (૭૬૨-ડી)

ઘાટકોપર ઈસ્ટ

૬૦' દેરાસરની સામે, ૩ બેડ હોલ, કીચન. ભાડે - વેચાણ: ૯૮૨૦૦૯૨૦૯૭. (૧૪૦૧૦/એ)

સ્પેશ્યાલીસ્ટ

સોદાની ખાત્રી. રહેઠાણના/ ધંધાદારીનાં. ભાડાના/ વેચાણના. ઘાટકોપરથી ચેમ્બુર. ''ચિંતનભાઈ'' ૯૩૨૧૨૩૪૫૬૭. (૧૫૪૬-જી)

વસઈ/નાલાસોપારા

અફોર્ડેબલ/ લકઝરીયસ ફ્લેટ લેવા, વેચવા, ભાડેથી. રાહુલ રાંદેરી ૯૨૨૩૩૮૭૩૧૧/ ૭૨૭૬૦૫૨૨૭૩. (૧૭૨૫-એચ)

અંધેરી (ઈસ્ટ)

સ્ટેશન, દેરાસરની નજીક ટાવરોમાં ૨ બેડરૂમના ચોઈસના ફ્લેટો રેડી પઝેશનમાં વીથ ઓસી પાર્કિંગ સાથે વેચાણથી. ભરત પારેખ: ૯૯૨૦૬ ૭૫૨૮૬. (૧૫૮૬-સી)

LAVASA

Land for Sale near Lavasa 1 Acre to 100 Acre at attractive Price. Contact: 9881800018. (1596-D)

GHATKOPAR (EAST)

Near Somaiya College 1 BHK Semi furnished for Sell. 09324636166. (1594-E)

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ-વિરાર

સાતીવલી - વાલીવ- હાઈવે-કામણ-બાપાને-માલજીપાડા-ચંદનસાર-ઈન્ડસ્ટ્રીયલ ગાળા-શેડ-યુનીટ-પ્લોટ-લેવા-વેચવા ભાડેથી ગોપીભાઈ-૯૯૭૦૫૬૧૩૬૩, જીતેન્દ્રભાઈ-૯૩૭૨૦૯૮૪૬૫. (૧૬૨૨-એચ)

વસઈ

વાલીવ - સાતીવલી - હાઈવે ઈન્ડસ્ટ્રીયલ ગાળા/ ફ્લેટ ભાડેથી લેવા - વેચવા રાજેશ દડિયા ૯૩૨૬૪૯૫૦૦૩/ ૭૬૬૬૪૯૫૦૦૩. (૧૩૫૫/એ)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

૨૦. ધંધાદારી જગ્યા

ઘાટકોપર (વેસ્ટ)

આગ્રારોડ ૧૦૦'થી ૬૫૦૦' ઓફીસો, નવું બિલ્ડિંગ, ભાડેથી લેવા ''સત્યમ'' ૯૮૨૧૧૨૫૭૩૭, ૯૮૧૯૭૪૮૦૦૭. (૭૬૨-આઈ)

અંધેરી (ઈસ્ટ)

સ્ટેશનની સામે, ૨૨૦૦' બેઝમેન્ટમાં (૧૨.૫' હાઈટ) સેલ્ફકન્ટેન્ડ, બે લીફ્ટ, અર્જંટ વેચાણથી. ભરત પારેખ: ૯૯૨૦૬૭૫૨૮૬. (૧૫૮૬-બી)

અંધેરી (ઈસ્ટ)

સ્ટેશનની નજીક, રેડી પઝેશન વીથ ઓસી, ગ્લાસ એલીવેશનવાળા બિલ્ડીંગમાં, કોમર્શીયલ ઓફીસો ૫૦૦' થી ૧૦૦૦' તથા મોટી જગ્યાઓ, અર્જંટ વેચાણથી. ભરત પારેખ: ૯૯૨૦૬૭૫૨૮૬. (૧૫૮૬-એ)

૩૨. જમીન-મિલકત

■ અમે કાનૂની ખેડૂતો બનાવીએ છીએ. માત્ર ૪૫૦૦૦/- હોમ સર્વિસ, કોઈ અન્ય ખર્ચ નહીં. કોંકણમાં ૩ થી ૧૦ લાખ એકર ટાઈટલ કલીઅર જગ્યા, હપતો સુવિધા. ૮૦૮૭૦૬૫૦૬૫/ ૮૨૩૭૦૩૯૦૩૯/ ૮૦૮૭૦૬૪૦૬૪. (૧૫૮૨-આઈ)

૩૩. ધંધાદારી

■ પોતાની ટુરીસ્ટ કાર ખરીદી કરીને ટુરીસ્ટ બીઝનેસ કરીને મહિને ૪૦,૦૦૦/-થી ૭૦,૦૦૦/= કમાવો. ૯૫૯૪૪ ૩૦૧૧૧. (૧૩૮૯-સી)

WEBSITE DEVELOPMENT

Professional Creative Website Packages starting at Rs. 9,999/-. 9323551195. (1555-A)

AVAILABLE FOR IMPORTERS A4 Copy Paper 70 GSM and 80 GSM from Thailand Interested Importers and Brokers Contact Cell 9819589391 Whatsup and E-mail bharatnariman@gmail.com (7929)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

શ્રીજી જ્યોતિષ

પંડિતજી દરેક સમસ્યાનું ઘેર બેઠે સમાધાન જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશીયાલીસ્ટ) ૯૯૨૦૫૭૩૮૫૬ (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળે). (૧૪૩૫/એ)

શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)

શું તમારો છોકરો કે છોકરી કોઈના પ્રેમમાં પડેલા છે? કોઈના વશમાં છે? જુની બીમારી, નિરાશ વ્યક્તિ ખાસ મળો. ફિસ ૩૦૧/- મલાડ વેસ્ટ ૨૮૮૯૮૫૦૦, ૯૮૩૩૩૯૦૮૯૮, ૯૯૨૦૯૯૧૩૪૪. (બી-૭૯૮૩)

■ અંબિકા જ્યોતિષ ૨ દિવસમાં નિકાલ લગ્ન, સંતાન, ધંધામાં રૂકાવટ, લક્ષ્મીયોગ, છુટાછેડા, સ્ત્રીપુરુષના અણબનાવ, લવપ્રોબ્લેમ, સૌતન મુક્તિ, ઘરકંકાસ, યોગેશભાઈ જોષી, નારણપુરા, અમદાવાદ. ૦૯૨૬૫૫૦૪૪૯૩. (બી-૭૯૯૮)

પાશાજી

મફત સલાહ ૨૪ કલાકમાં સમાધાન. કારોબાર, પ્રેમ-વિવાહ, ગૃહકલેશ, સૌતન / દુશ્મન છૂટકારો, લક્ષ્મીબંધન ૯૮૧૯૩૨૬૮૯૬ (બાંદ્રા). (૧૪૦૮-એ)

રૂદ્ર જ્યોતિષ

બધી સમસ્યાનું તાબડતોબ સમાધાન લગ્નમાં રૂકાવટ લવ-પ્રોબલેમ, પતિ-પત્ની અણબનાવ ગૃહકલેશ નવગ્રહ શાંતિ (ઘાટકોપર ઈસ્ટ) ૮૮૨૮૦૯૬૭૨૩. (૧૪૩૩/એ)

અંબિકા જ્યોતિષ

લવ-પ્રોબ્લેમ સગાઈ/લગ્નમાં રૂકાવટ શત્રુનાશ સાસરિયાથી દુ:ખી, ગૃહકલેશ સૌતન મુક્તિ ડાયવોર્સ ૯૫૯૪૯૮૭૯૭૭. (૧૪૩૩/બી)

માતાજી જ્યોતિષ

ઘર બેઠા સમાધાન આપણી ચિંતા આજે દૂર ગૃહકલેશ બિઝનેશ પ્રેમ સમસ્યા શત્રુ સૌતન સંતાન ડાયવોર્સ પતિપત્ની અણબનાવ લવ લગ્ન શારિરીક માનસિક પરિવાર પ્રોબ્લેમ બગડેલા સંબંધ મનપસંદ વિવાહ લવમેરેજ લવ પ્રોબ્લેમ સ્પેશ્યાલિસ્ટ મુલુંડ (વેસ્ટ) સ્ટેશન પાસે ૯૮૧૯૦૭૧૪૧૨. (૧૪૨૫/એ)

૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. ૯૮૨૧૧૯૫૭૨૦ / ૯૭૭૩૨૨૬૬૭૫/ ૨૮૬૫૭૭૬૮. (કાંદીવલી). (૧૫૬૧-એચ)

એસ પેસ્ટીસાઈડ

(૧૯૯૩) સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ: ઉધઈ/ વાંદા/ માંકડ. કાંદિવલી: ૨૮૬૨૫૯૨૮/ ૨૮૬૨૫૯૨૯ ચીરાબજાર: ૯૦૨૯૧૮૧૦૩૦. (૧૫૬૧-બી)

૪૭. હેલ્થ અને ફિટનેસ

■ દાદર, આયુર્વેદીક બોડીસ્પા, સ્ટીમબાથ સાથે સર્ટીફાઈડ, અનુભવી સ્ટાફ, કાર્ડ સ્વીકારીશું. ૮૨૯૧૧૯૬૬૩૪. (૧૬૨૪-કે)

૫૨. કુરીઅર્સ

■ પરદેશ પાર્સલ સર્વિસ - ચીપ્સ એક્સપ્રેસ પ્રા. લી., ઓમ નગર, અંધેરી (ઈસ્ટ) મોબાઈલ: ૦૯૮૯૮૦૩૬૨૫૭, ૦૯૩૨૦૦૯૫૬૩૨. (બી-૭૬૭૩)

મુંબઈ એરપોર્ટ પર ₹ ૨.૦૩ કરોડનું સોનું પકડાયું: ચાર પ્રવાસીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) મુંબઈ એરપોર્ટ પરથી રૂ. ૨.૦૩ કરોડની કિંમતનું સોનું પકડી પાડ્યું હતું અને આ પ્રકરણે બે વિદેશી મહિલા સહિત ચાર પ્રવાસીની ધરપકડ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સોમવારે શારજાહથી ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવેલી બે મહિલા પ્રવાસીને એઆઇયુના અધિકારીઓએ શંકાને આધારે આંતરી હતી. સુદાનની નાગરિક એવી બંને મહિલાની ઓળખ નદા અહમદ મોહંમદ ઉમર અને મનલ ઓમર અલહસન મહમૂદ તરીકે થઇ હોઇ તેમની તલાશી લેવામાં આવતાં રૂ. ૩૯.૨૯ લાખનું સોનું મળી આવ્યું હતું. આ સોનું જપ્ત કરાયા બાદ બંને મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરાઇ હતી, એમ સૂત્રોએ કહ્યું હતું.

મંગળવારે દુબઈ ખાતેથી ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવેલા હાફીઝ અબુર્રબ નામના પ્રવાસીને આંતરાયા બાદ તેના સામાનની ઝડતી લેવામાં આવી હતી, જેમાં ૧૯૩૬ ગ્રામ સોનું મળી આવ્યું હતું. હાફીઝની પૂછપરછમાં શેક ઇરફાન નામના પ્રવાસી પાસે પણ સોનું હોવાની માહિતી મળી હતી. આથી અધિકારીઓએ ઇરફાનને એક્ઝિટ ગેટ નજીકથી તાબામાં લીધો હતો અને તેની પાસેથી ૩૦૦૦ ગ્રામ સોનું જપ્ત કર્યું હતું. આમ બંને પ્રવાસી પાસેથી કુલ રૂ. ૧.૩૭ કરોડની કિંમતનું સોનું જપ્ત કરાયું હતું. બીજી તરફ દુબઇથી મંગળવારે મુંબઈ એરપોર્ટ પર ફ્લાઇટમાં સોનું છુપાવવામાં આવ્યું હોવાની માહિતી મળ્યા બાદ એઆઇયુના અધિકારીઓએ ફ્લાઇટમાં જઇ તપાસ કરતાં સીટ નીચે છુપાવવામાં આવેલું રૂ. ૨૬.૧૭ લાખનું સોનું મળી આવ્યું હતું. ■

મેં ક્યારેય ત્રાસવાદને પ્રોત્સાહન આપ્યું નથી: ઝાકીર નાઇક

મુંબઈ: ભારતમાં ત્રાસવાદ સંબંધિત કેસના વૉન્ટેડ વિવાદાસ્પદ ઇસ્લામિક ઉપદેશક ઝાકીર નાઇકે બુધવારે દાવો કર્યો હતો કે તેના દ્વારા ક્યારેય ત્રાસવાદને પ્રોત્સાહન આપવામાં આવ્યું નથી તથા હંમેશાં કોમી શાંતિ અને એકતાને પ્રોત્સાહન આપ્યું હતું.

ભારતમાં ધરપકડ થવાના ડરે મલયેશિયામાં આસરો લેનારા ઝાકીરે દાવો કર્યો હતો કે મીડિયાએ તેની છાપ ખરડી છે અને તેના કાર્યક્રમોના વીડિયો ક્લિપ સાથે ચેડાં કરીને નાણાંની હેરફેર, ઉશ્કેરણીજનક ઉપદેશ આપવાના કેસમાં પોતાને ત્રાસવાદી બનાવી દીધો.

આ સિવાય તેણે મલયેશિયાના વડા પ્રધાન મહાથિર મોહમદને તેમના દેશમાં પોતાને રહેવા દેવાની પરવાનગી આપવાની વિનંતી કરી હતી.

ઉલ્લેખનીય છે કે હાલમાં મહાથિર મોહમદ મલયેશિયામાં ઝાકીરને મળ્યા હતા અને મુંબઈમાં જન્મેલા ઝાકીરને ભારતને સોંપવાની વિનંતીને ફગાવી દીધી હતી તથા ઝાકીર દ્વારા પોતાના દેશને કોઇ નુકસાન નથી એવી દલીલ પણ કરી હતી.

'મેં ક્યારેય ઇસ્લામના નામે ત્રાસવાદને પ્રોત્સાહન આપ્યું નથી', એમ ઝાકીરે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

માનસિક અસ્થિર વ્યક્તિનો હત્યાના કેસમાંથી છુટકારો

મુંબઇ: ૪૧ વર્ષના અસ્થિર મગજના વ્યક્તિને મુંબઇ હાઇ કોર્ટે હત્યા કેસમાંથી છોડી મૂકતા નોંધ્યું હતું કે આ વ્યક્તિ અસ્થિર મગજનો હોવાથી તેને તેના કામ માટે જવાબદાર ઠેરવી શકાય નહીં. ન્યાયમૂર્તિ બી. આર. ગવઇ અને ન્યાયમૂર્તિ સારંગ કોતવાલએ ૨૦૦૧ના હત્યાના અન્ય એક કેસમાંથી આ આરોપી છૂટી ગયો હોવાની નોંધ લીધી હતી. જોકે, આ વ્યક્તિને છોડી દેવામાં આવશે તો તે ત્રીજી હત્યા કરશે એવી ફરિયાદ પક્ષની દલીલ કોર્ટે ધ્યાનમાં નહોતી લીધી.

ઘટનાની વિગત મુજબ આરોપીએ ૮ નવેમ્બર, ૨૦૦૭ના રોજ બિલ્ડિંગના વૉચમેનની હત્યા કરી હતી. (પીટીઆઇ) ■

એન્જિનિયરિંગ કૉલેજના સંચાલકની પત્નીએ પોતાના બદલે એક પ્રોફેસરને પરીક્ષા આપવા મોકલ્યો

પુણે: કૉલેજના સંચાલકની પત્નીએ પોતાની પરીક્ષા આપવા માટે એક પ્રોફેસરને મોકલ્યો હતો. આ બાબતે તપાસ ચાલી રહી છે.

પુણેના નવ્હા ભાગની ઝીલ એજ્યુકેશન સોસાયટીના સંચાલક જયેશ કાટકરની પત્ની સ્નેહલ, તેમની કૉલેજમાંથી એમ.ઇ.નો અભ્યાસ કરી રહી છે.

પહેલા વર્ષના પેપર વખતે સ્નેહલે પોતાના સ્થાને એક પ્રોફેસર પર દબાણ કરીને પેપર આપવા મોકલ્યો હતો. આ ગેરરીતિને કારણે સંબંધિત પ્રોફેસરે સાવિત્રીબાઇ ફુલે પુણે યુનિવર્સિટીને ફરિયાદ કરી હતી. ફરિયાદી પ્રોફેસર એ જ કૉલેજના કેમેસ્ટ્રીના વિભાગમાં કાર્યરત છે.

યુનિવર્સિટીએ આ ઘટનાની નોંધ કરી હતી અને આ બાબતે તપાસ કરવા માટે એક ખાસ સમિતિની નિમણૂક કરવામાં આવી છે. ■

છેલ્લા પાનાનું ચાલુ

અતિવૃષ્ટિ

તાવડેએ મુંબઈ આવીને બુધવારે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની મુલાકાત લઈને મુંબઈની પરિસ્થિતિનો અહેવાલ લીધો હતો અને એ સમયે તેમણે આ નિર્ણય જાહેર કર્યો હતો. મુંબઈમાં અતિવૃષ્ટિ થવાની ચેતવણી આવ્યાં બાદ પાલિકાનો ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ પરિસ્થિતિનો અભ્યાસ કરીને સવારના છ વાગ્યા સુધીમાં રજાનો નિર્ણય જાહેર કરશે. તો આગળ દિવસમાં જેમ જેમ વરસાદ વધશે તે તે સમયે સ્કૂલની રજાનો નિર્ણય લેવામાં આવશે. રજાની જાહેરાત અગાઉ શિક્ષણ વિભાગની મંજૂરી લેવામાં આવશે. આ નિર્ણય પાલિકાની શાળાની સાથે જ ખાનગી, સીબીએસઈ, આઈસીએસઈ અને ઈન્ટરનેશનલ બોર્ડ (આય.બી.) જેવી તમામ સ્કૂલને લાગુ પડશે એવી સ્પષ્ટતા પણ તેમણે કરી હતી.

વરસાદનું જોર વધી જાય ત્યારે મુંબઈના નીચાણવાળા વિસ્તાર જ નહીં પણ તમામ ઠેકાણે પાણી ભરાઈ જતા હોય છે. મુંબઈ પાણીમાં ડૂબી જતું હોય છે ત્યારે પરિસ્થિતિનો સામનો કરવામાં પાલિકા નિષ્ફળ જતી હોય છે અને તેની અસર મુંબઈગરાને થતી હોય છે. તો પાલિકાની સાથે રાજ્ય સરકારને પણ ટીકાનો ભોગ બનવું પડે છે, તેથી હવેથી આવી પરિસ્થિતિ દરમિયાન તમામ યંત્રણા વચ્ચે સમન્વય સાધીને મદદકાર્ય ઝડપથી શરૂ કરી શકાય તે માટે કૃતિ સમિતિની પણ સ્થાપના કરવામાં આવશે એવું તેમણે કહ્યું હતું. આ સમિતિમાં પાલિકા, રેલવે, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડૅવલપમેન્ટ ઑથોરિટી, મ્હાડા, મહારાષ્ટ્ર ઈલેક્ટ્રિસિટી રૅગ્યુલેટરી કમિશનર, બેસ્ટ, પોલીસ જેવી યંત્રણાઓના પ્રમુખોનો સમાવેશ રહેશે. હવામાન ખાતા તરફથી અતિવૃષ્ટિની ચેતવણી આવ્યા બાદ આ કૃતિ સમિતિ વિડિયો કૉન્ફરન્સ દ્વારા ચર્ચા કરીને શું પગલાં તે બાબતે નિર્ણય લઈને આવશ્યક ઉપાયયોજના કરશે. તો પૂર પરિસ્થિતિ નિર્માણ થઈ તો આ કૃતિ સમિતિ દ્વારા ઉપાયયોજના અમલમાં લાવવામાં આવશે એવું પણ વિનોદ તાવડેએ કહ્યું હતું. ■

માનખુર્દ

હોવાની પ્રતિક્રિયા ઊમટી હતી. આ પ્રકરણનો વીડિયો વાઇરલ થયા બાદ રેલવે પ્રશાસન પર પસ્તાળ પડતા તેમણે સ્પષ્ટીકરણ આપ્યું હતું.

મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યું હતું કે 'હાર્બર લાઇન પર માનખુર્દ-ગોવંડી સ્ટેશન દરમિયાન રેલવે ટ્રેક પર તિરાડ પડી હોવાની ફરિયાદ મંગળવારે સાંજે સાડા છ વાગ્યે મળી હતી અને અડધા કલાકમાં ટ્રેકનું સમારકામ કર્યું હતું. જોકે, વરસાદને કારણે રંગ ટકતો ન હોવાથી સંબંધિત ઠેકાણે ટ્રેક પર તિરાડ પડી હોવાનું માર્ગદશિત કરવા માટે કપડું બાંધવામાં આવ્યું હતું. પ્રવાસીઓની સુરક્ષા અંગે કોઇ બાંધછોડ કરવામાં આવશે નહીં'. ■

વરસાદે

મર્યાદિત ગતિએ અમુક રૂટ પર ટ્રેન પશ્ચિમ રેલવે દ્વારા દોડાવાઇ રહી હતી અને વહેલી સવારથી જ ટ્રેનમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો.

હવામાન ખાતાના જણાવ્યા અનુસાર શહેરમાં એક મહિનામાં જેટલો વરસાદ પડે છે, તેટલો વરસાદ આ વર્ષે માત્ર છેલ્લા અમુક દિવસમાં પડી ચૂક્યો છે. શહેરમાં છેલ્લા ૧૦ દિવસમાં ૮૬૪.૫ મિ.મી. વરસાદ પડ્યો છે.

મુંબઈની લાઇફલાઇન ગણાતી લોકલ સેવાને ધોધમાર વરસાદને પગલે મંગળવારે નાલાસોપારા અને વિરાર સ્ટેશન વચ્ચે રદ કરવામાં આવી હતી, પરિણામે પશ્ચિમ રેલવેના પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી રવિન્દર ભાકરે જણાવ્યું હતું કે બુધવારે ગંતવ્યસ્થળે પહોંચવા માટે રેલવે સ્ટેશન પર પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો, તેથી સવારે પોણા સાત વાગ્યે મર્યાદિત ગતિ સાથે ચર્ચગેટથી ભાયંદર વચ્ચેની લોકલ ટ્રેન સેવા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિરારથી દહાણુ રોડ વચ્ચેની સેવા પણ ચાલુ કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે નાલાસોપારામાં હજુ ટ્રેક પર પાણી ભરાયા હોવા છતાં ત્યાં ટ્રેન દોડાવી શકાય એવું નથી. ટ્રેક પરનું પાણી ઓસરતા જ ભાયંદરથી વિરાર વચ્ચેની ટ્રેન સર્વિસ ચાલુ કરવામાં આવશે. મધ્ય રેલવેની ટ્રેન સમયસર દોડાવવામાં આવી રહી હતી, જ્યારે હાર્બર લાઇનની ટ્રેન દસથી પંદર મિનિટમાં વિલંબમાં દોડી રહી હતી. ■

મહાવિતરણ

મોટા ઉદ્યોગોએ મોંઘી વીજળીને કારણે મહાવિતરણ પાસેથી વીજળી લેવાનું બંધ કર્યું છે, તેથી કંપની પાસે વીજળી છે, પરંતુ ખરીદાર નથી. હવે મહારાષ્ટ્રમાં સૌથી મોટો વીજ દર વધારો કરવાની માગણી કંપનીએ વીજ નિયામક પંચ પાસે કરી છે. ઍર ઈન્ડિયાની સરખામણીમાં મહાવિતરણ સંપૂર્ણપણે પાણીમાં બેસી ગયું છે. હાલમાં માર્કેટમાં રૂ. ૨.૫૦ના દરે વીજળી ઉપલબ્ધ છે, જ્યારે મહાવિતરણની વીજળીનો દર અંદાજે રૂ. ચાર છે. તેથી મોટા ઉદ્યોગો અને રેલવેએ મહાવિતરણને રામરામ કહ્યા હતા. મહાવિતરણને ૨૦૧૮ના છ મહિનામાં ગ્રાહકો પાસેથી રૂ. ૧૫,૭૧૪ કરોડ અને ૨૦૧૯-૨૦માં રૂ. ૧૫,૧૨૮ કરોડ વસૂલ કરશે. ■

બીમાર બાળકી

કરવા માટે મદદ માગી હતી અને પોતાનું સરનામું પણ આપ્યું હતું. આ વિસ્તારમાં પાણી ભરાયા હોઇ પુત્રીને હોસ્પિટલમાં લઇ જવું અશક્ય હોવાથી તેણે મદદ માગી હતી. સંતોષ ગીતેને શરદ ઝાના ઘરે પાઠવાયો હતો. બિલ્ડિંગ નીચે પાણી ભરાયા હોવા છતાં શરદ ઝાના ઘરે કોન્સ્ટેબલ પહોંચ્યો હતો અને બાળકીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી હતી. ■

પાલિકા

પ્રયોગ પણ નિષ્ફળ ગયો છે. સોશિયલ મિડિયાના મારફતે નગરસેવકોને ટાર્ગેટ કરવામાં આવે છે, તેથી ખાડાને પૂરીને રસ્તાને સમથન બનાવવામાં આવ્યા નહીં તો ખાડાઓને એક-એક અધિકારીનું નામ આપશું એવી ચીમકી રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નગરસેવિકાએ આપી હતી અને તે નામ ઓછો પડયાં તો ડૅપ્યુટી મ્યુનિસિપલ, એડિશનલ કમિશનર અને કમિશનરના નામ પણ ખાડાને આપી દઈશું, એવો કટાક્ષ પણ આ સમયે નગરસેવકોએ કર્યો હતો.

મુંબઈના રસ્તા પર પડેલા ખાડાને મુદ્દે વિરોધ પક્ષે પ્રશાસનની ભારે ટીકા કરી હતી. મુંબઈમાં ફક્ત બે હજાર ખાડા હોવાનો પાલિકા દાવો કરે છે પણ ફક્ત મારા જ વોર્ડમાં ત્રણસોથી વધુ ખાડા હોવાનો દાવો વિરોધી પક્ષ નેતાએ કર્યો હતો. નગરસેવકોની ફરિયાદને લઈને આગામી સ્થાયી સમિતિની બેઠકમાં પ્રશાસનને જવાબ આપવાનો આદેશ સ્થાયી સમિતિમાં અધ્યક્ષે આપ્યો હતો. ■

ગોરેગામ

ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ચેતનાને ગોરેગામની સિદ્ધાર્થ નગર હૉસ્પિટલમાં લઈ જવામાં આવતાં તબીબે તેને મૃત જાહેર કરી હતી.

ઘટનાસ્થળેથી પોલીસને સ્યુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં મહત્ત્વાકાંક્ષા પૂરી થતી ન હોવાથી હતાશામાં પોતે આવું પગલું ભરી રહી છે અને આ માટે કોઈને જવાબદાર ન ઠેરવવાનું જણાવાયું હોવાનું દિંડોશી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર રાજારામ વનમાનેએ જણાવ્યું હતું.

કહેવાય છે કે બાઈક રાઈડર તરીકે જાણીતી ચેતના અગાઉ એક કૉર્પોરેટ કંપનીમાં કામ કરતી હતી. બાઈકના શોખને કારણે તેણે અનેક બાઈક રેસિંગમાં ભાગ લીધો હતો. હાલમાં અંધેરીમાં બાઈકના શો-રૂમમાં કામ કરતી ચેતના બાઈક ખરીદવા આવનારાઓને કોચિંગ પણ આપતી હતી. તેનાં માતા-પિતાનું નિધન થઈ ગયું હોઈ તેનો નાનો ભાઈ હર્ષદ દક્ષિણ મુંબઈના તાડદેવ ખાતે મામાને ઘેર રહી ભણતર પૂરું કરી રહ્યો હોવાનું પોલીસનું કહેવું છે. ■

મોકાણ

મુંબઇને ધમરોળતા વરસાદે સાબિત કરી દીધું છે.

મુંબઇ સ્થિત અર્બન ડિઝાઇન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (યુડીઆરઆઇ)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરે મુંબઇને ધમરોળતા વરસાદને 'માનવ સર્જિત દુર્ઘટના' ગણાવી હતી અને આડેધડ વિકાસને કારણે મુંબઇના આવા હાલ થયા હોવાનું જણાવ્યું હતું.

મુંબઇની આડેધડ વધતી જતી વસતીના પ્રમાણમાં મુંબઇની માળખાકીય સુવિધામાં સુધારો થતો નથી. બિલ્ડર્સને ગીચ વિસ્તારમાં પણ યોગ્ય આયોજન વગર આડેધડ બહુમાળી મકાનો બાંધવા મંજૂરી આપવામાં આવે છે, જેનો બધો ભાર શહેરની કથળતી જતી માળખાકીય સુવિધાઓ પર પડે છે, એમ ટાઉન પ્લાનિંગ એક્સપર્ટ જણાવે છે.

પાલિકા તેમની ભૂલોમાંથી કંઇ શીખતી નથી. સામાન્ય વરસાદમાં પણ મુંબઇગરા બેહાલ થઇ જાય તે યોગ્ય નથી જ. નાળાં પહોળા કરવાની, નવી ગટરો બાંધવાની અને ફ્રી ફ્લો ડ્રેનેજની શહેરને તુરંત આવશ્યક્તા છે, એમ સામાજિક કાર્યકર અનીલ ગલગલીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

સંસ્થા સમાચાર

અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર દ્વારા યોજાયો રક્તદાન શિબિર

અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રની સ્થાપનાના સુવર્ણ જયંતી મહોત્સવ વર્ષની ઉજવણીના ભાગરૂપે જી. જી. હૉસ્પિટલ જામનગરના સહયોગથી સંસ્થા પ્રમુખ ચંદુલાલ આર. શાહ, ઉપપ્રમુખ બિમલ મહેતા, માનદ મંત્રી ડૉ. પ્રકાશ મંકોડી, ટ્રસ્ટી હર્ષવદન ગોસરાણી અને શ્રી પ્રદિપભાઈ દવે તથા કેટલાક અગ્રગણ્ય નાગરિકોની ઉપસ્થિતિમાં રક્તદાન શિબિર યોજાયો હતો.

શ્રી જીયે પઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ - મુંબઈ

સમૂહ પેડીનું આયોજન સતત ૧૨મા વર્ષે તા. ૧૪ જુલાઈ શનિવાર રોજે સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ) સ્થાને યોજાઈ છે. સવારે ૮ કલાકે ગોકુલશ્યામ બિલ્ડિંગ, દેવીદયાલ રોડથી શોભાયાત્રા પ્રારંભ થશે જે મુલુંડના વિવિધ માર્ગો ફરતી સારસ્વતવાડી પહોંચશે જ્યાં ૧૦ વાગે વિધિવત્ સ્થાપના કરાશે. બપોરે ૨ થી ૩ કલાકે જીયે પઠાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા પઠાપીર ચાલીસાના પાઠ બપોરે ૩ થી ૧૦ કલાક સુધી અખંડ ભજન. સાંજે ૭ કલાકે ધૂપ આરતી તથા પેડી મહાપ્રસાદ સાંજના ૫ થી ૧૦ કલાક સુધી.

લેખિની

'લેખિની'ની આગામી સાહિત્યિક સભામાં તા. ૧૪મી જુલાઈ, ૨૦૧૮ શનિવારના રોજ બપોરે ૩ કલાકે બહેનો મૌલિક ટૂંકી વાર્તાનું પઠન કરશે. સ્થળ: ગુજરાત રિસર્ચ સોસાયટી, ૧૬મો રસ્તો, ખાર (વે).

જૈન સમાચાર

આ. શ્રી વિ. તીર્થભદ્રસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં રવિવારીય યુવા શિબિર

સચ્ચારિત્ર ચૂડામણી આ. શ્રી વિ. કનકસૂરિશ્વરજી મ.સા. ભદ્રમુનિ આ. શ્રી વિ. દેવેન્દ્રસૂરિશ્વરજી મ.સા. અધ્યાત્મયોગીરાજ આ. શ્રી વિ. કલાપૂર્ણસૂરિશ્વરજી મ.સા.ના દિવ્ય આશિષ, ગચ્છાધિપતિ આ શ્રી વિ. કલાપ્રભસૂરિશ્વરજી મ.સા. ગચ્છ હિતચિંતક આ. શ્રી વિ. કલ્પતરૂસૂરિશ્વરજી મ.સા.ના શુભઆશિષ સાથે ચેન્નઈમાં સાહુકાર પેટ, મિન્ટ સ્ટ્રીટમાં શ્રી નયામંદિરની રજતજયંતી વર્ષમાં શ્રી ચન્દ્રપ્રભુ જૈન નયામંદિર ટ્રસ્ટના શ્રી જૈન આરાધના ભવનમાં ચાતુર્માસાર્થે બિરાજમાન આ. શ્રી વિ. તીર્થભદ્રસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં પાંચ રવિવારીય યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫-૭એ આત્માનો એક્સ રે, તા. ૨૨-૭એ સુખની સોનોગ્રાફી, તા. ૫-૮એ મનનું એમ. આર.આઈ. તા. ૧૨-૮એ કર્મનો કાર્ડિયોગ્રામ, તા. ૨૬-૮ એ સંબંધોનું સી.ટી. સ્કેન જેવા વિષયો રહેશે.

આ. શ્રી ચન્દ્રાનનસાગરસૂરિશ્વરજી મ.સા.નું મહામાંગલિક માલાડ (પ.)માં

જિનશાસન શણગાર ગચ્છાધિપતિ દાદાગુરુદેવ આ. શ્રી દર્શનસાગરસૂરિશ્વરજી મહારાજા સાહેબ, સંગઠન પ્રેમી આ. શ્રી નિત્યોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના દિવ્ય આશિષ સાથે રાષ્ટ્રસંત, શ્રી નાકોડા ભૈરવ દર્શનધામ મહાતીર્થ પ્રેરક આ. શ્રી ચન્દ્રાનનસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં માલાડ (પ.) મામલેતદાર વાડી રોડ નં. ૨, ઉત્કર્ષ ગ્રાઉન્ડ ચમ્પાપુરી નગરીમાં ત્રિદિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૨-૭એ સવારે સામૈયું, બપોરે સામૂહિક પંચકલ્યાણક પૂજા, તા. ૧૩-૭એ રાજરાજેશ્વરી મા પદમાવતી મહાપૂજન, તા. ૧૪-૭એ બેસતા મહિનાનું મહામાંગલિક જેના લાભાર્થી ફુલીબાઈ માંગીલાલ ખિવંસરા (મારવાડ જંકશન) પરિવાર છે. શ્રી રાજસ્થાન જૈન સંઘ માલાડ (પ.) તરફથી સર્વે ગુરુભગવંતો પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પૂ. સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ.સા. અને શ્રી ચારુતાશ્રીજી મ.સા. (બેન મ.) નિશ્રા પ્રદાન કરશે.